# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૧૭-૪-૨૦૨૩

- **ભાજપ સરકાર "મિત્રકાળ"માં પોતાના મળતીયા ઉદ્યોગપતિ-ઉદ્યોગગૃહો દ્વારા જે રીતે જનતાનું ધન-દેશના ધનની લૂંટ ચલાવી રહી છે તેની સામે જનતાનો અવાજ ઉઠાવવા માટે જિલ્લા કક્ષાએ કોંગ્રેસ પક્ષ દ્વારા "જયભારત સત્યાગ્રહ" ના કાર્યક્રમો**
- **કૂદકે - ભૂસકે વધી રહેલી મોંઘવારી-બેરોજગારી મુદ્દે કેન્દ્રની ભાજપ સરકાર કેમ મૌન છે?:શ્રી જગદીશ ઠાકોર**
- **ગૃહમંત્રાલય, ઈડી, સીબીઆઇ, ઈન્કમટેક્સ, ચૂંટણી પંચ સહિત તમામ એજન્સીઓનો દૂરપયોગ કરી ભાજપે લોકતંત્ર ખતમ કરી નાંખ્યું છે.**

અરવલ્લીના મોડાસા ખાતે જિલ્લા કક્ષાના "જય ભારત સત્યાગ્રહ"નાં કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાઈ-બહેનોને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, ૩૫ વર્ષમાં સૌથી ઉંચો મોંઘવારી દર અને ૪૫ વર્ષનો સૌથી ઉંચો બેરોજગારી દર ભાજપ સરકારમાં જોવા મળી રહ્યો છે. દેશના ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના પરિવારોને જીવન જીવવું મુશ્કેલ થઈ રહ્યું છે. મોદી સરકારની નિતિઓને લીધે અસમાનતામાં સતત વધારો થતો જાય છે. ૪૫ વર્ષમાં સૌથી ઉંચો બેરોજગારી દર માંથી ભારત દેશ પસાર થઈ રહ્યું છે. મોંઘવારી-બેરોજગારી કુદકે-ભૂસકે વધી રહી છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ બેકાબૂ બની રહ્યાં છે. કોંગ્રેસ પક્ષના શાસનમાં રૂ. ૪૧૦નો ગેસ સીલીન્ડર આજે કેન્દ્રની ભાજપ સરકારમાં રૂ. ૧૧૦૦ ને પાર કરી ગયો છે. દેશના યુવાનોને દર વર્ષે બે કરોડ રોજગારીનો વાયદો કરનાર મોદી સરકારે ૯ વર્ષમાં ૧૮ કરોડ રોજગાર આપવામાં સદંતર નિષ્ફળ ગઈ છે. બીજીબાજુ દેશના યુવાનોના હાથમાંથી ૧૦ કરોડ થી વધુ રોજગાર છીનવી લીધા છે. રૂપિયાનું સતત અવમૂલ્યન થઈ રહ્યું છે, જનતાની આવક સતત ઘટતી જાય છે. બીજીબાજુ બેકાબૂ મોંઘવારીને લીધે ખર્ચમાં સતત વધારો થવાથી આર્થિક હાડમારીમાં લાખો પરિવારો માટે જીવન જીવવુ મુશ્કેલ બની રહ્યું છે.

ગૃહમંત્રાલય, ઈડી, સીબીઆઇ, ઈન્કમટેક્સ, ચૂંટણી પંચ સહિત તમામ એજન્સીઓનો દૂરપયોગ કરી ભાજપે લોકતંત્ર ખતમ કરી નાંખ્યું છે. અદાણી અને મોદી સરકાર વિરૂધ્ધના ગંભીર આક્ષેપો અને વિપક્ષની ઉગ્ર માંગ છતાં સરકાર કેમ આ મામલે જેપીસી ગઠન કરતી નથી ? તપાસ સોંપતી નથી ? કોંગ્રેસ પ્રજાના પ્રશ્નો ઉઠાવી રહી છે તો પણ ઉલ્ટાનું ચોર કોટવાળને દંડે એ રીતે ભાજપ અને મોદી સરકાર ખોટા નિવેદનો અને ભ્રામક જાહેરાતો કરી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

મિત્રકાળમાં અદાણી સ્કેમ અંગે સતત સત્યની લડાઈ લડતા રાહુલજી પ્રત્યે કિન્નાખોરી રાખી કાર્યવાહી કરવામાં આવી રહી છે. બેરોજગારી, મોંઘવારી અને ભ્રષ્ટાચારમાં ગુજરાત અને દેશનાં નાગરિકો વ્યાપક પણે પરેશાન

છે. ત્યારે ભાજપ મુળ મુદ્દાથી ધ્યાન ભટકાવવા નાટકો કરી રહી છે. બેરોજગારી, મોંઘવારી અને અદાણી કૌભાંડ મુદ્દે ભાજપ સરકાર કેમ મૌન? લોકશાહી બચાવો, દેશ બચાવોનાં નારા સાથે કોંગ્રેસ પક્ષ દ્વારા 'જય ભારત સત્યાગ્રહ' અન્વયે ગુજરાતના ૧૭૫ તાલુકામાં કાર્યક્રમ યોજાયા હતા. તા. ૧૫મી એપ્રિલથી જિલ્લા સ્તરીય શરૂ કરવામાં આવેલ 'જય ભારત સત્યાગ્રહ' આગામી ૩૦ એપ્રિલ સુધીમાં ૨૬ જિલ્લામાં યોજાશે. જેમાં પ્રદેશના વરિષ્ઠ આગેવાનો - ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

અરવલ્લીના મોડાસા ખાતે જોડાયેલ 'જય ભારત સત્યાગ્રહ' માં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાઈ-બહેનોને સંબોધન કરતાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આદરણીય શ્રી રાહુલ ગાંધીને લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવાની બાબત લોકશાહીનાં હનનનાં મજબૂત સંકેત છે. વિવિધ પ્લેટફોર્મ પર શ્રી મોદી અને અદાણી વચ્ચેના સંબંધો પર શ્રી રાહુલ ગાંધી સતત સવાલો કરી રહ્યા છે. તેમના પ્રિય મિત્ર અદાણીને મદદ કરવા માટે શ્રી મોદી દ્વારા સત્તાના દુરુપયોગ સામે રાહુલજીની નિર્ભયતા અને અણનમ લડતથી અને તેઓ સંસદમાં તેમની સાંઠગાંઠનો પર્દાફાશ કરશે તેવા ડરથી, સમગ્ર મોદી શાસન તેમનો અવાજ બંધ કરવા સતત પ્રયત્ન કરી રહ્યું છે. ભાજપ સરકારના શાસનમાં વિપક્ષને પ્રશ્નો પૂછવાનો પણ અધિકાર નથી. લોકતંત્ર અને કાયદો અને વ્યવસ્થાની ભાજપે ધજ્જિયાં ઉડાવી દીધી છે. લોકતંત્રની હત્યા કરી નાંખી છે. બેરોજગારી, મોંઘવારી સહિતના અનેક મુદ્દાઓ પર વિપક્ષ બોલે કે કોઇ અવાજ ઉઠાવે તો તેને જેલમાં બંધ કરાય છે પરંતુ કોંગ્રેસ જનતાના હક્ક અને અધિકાર માટે સતત લડાઈ લડતો રહેશે.

જય ભારત સત્યાગ્રહ કાર્યક્રમો અંતર્ગત અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા સ્તરીય મિટિંગ વિશ્વકર્મા મંદિર હજીરા વિસ્તાર, મોડાસા- શામળાજી રોડ મોડાસા ખાતે યોજાઇ જેમાં પૂર્વ ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમૂખશ્રી કમલેન્દ્રસિંહ પુવાર તથા વિધાનસભાના ઉમેદવારશ્રીઓ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી, મહામંત્રીશ્રી, તથા જિલ્લા કોંગ્રેસના જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને નગરપાલિકા લડેલા જીતેલા / હારેલા તમામ આગેવાનો અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના વિવિધ સેલ ફ્રન્ટરના ચેરમેન શ્રીઓ, નગરપાલિકાના જીતેલા હારેલા કોર્પોરેટર ઉમેદવાર શ્રીઓ જિલ્લા અને તાલુકા કોંગ્રેસ સમિતિના સંગઠનના હોદ્દેદારો અને કોંગ્રેસ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. મનિષ દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા
મો. ૯૪૨૬૦૦૧૫૯૯

**નોંધઃ કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.**